જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૦૯/૨૦૨૨   શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૫૬૪/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૧/૦૯/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૨ | ૦ | ૧૪૨ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૫ | ૦ | ૧૦૦૬૯૫ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૪ | ૩,૨૧,૩૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૬૫/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૪૦ વ્યક્તિઓને ઝડપી, ૬૪ લીટર દેશી દારૂ, ૧૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૨ કાર અને ૦૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૫,૮૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૬૬/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૫૬૭/૨૦૨૨**

**ઇસનપુરઃ** હિમાંશુભાઇ મોહનભાઇ વેગડા (ઉ.વ.૫૦)(રહે.અવધપુરી ટેનામેન્ટ કકુબા સ્કુલ સામે વિશાલનગર ઇસનપુર) એ તા.૦૧/૦૯/૨૦૨૨ ના રોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે ફેસબુકના Vijjay kumar નામના પેજ ઉપર વેચાણમાં મુકેલ એક્ટીવા કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- જાહેરાત જોઈ હિમાંશુભાઇ વેગડાને એક્ટીવા ખરીદ કરવાનુ હોઈ તા.૨૮/૦૮/૨૦૨૨ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે જાહેરાતમાં આપેલ મોબાઈલ નંબર ૭૪૮૮૮૯૬૦૭૭ તથા ૭૮૧૧૦૫૮૨૫૮ ઉપર સંપર્ક કરતા મોબાઈલ નંબરના ધારકે વિજયભાઇ મોટયાણી નામ જણાવી પોતે આર્મીમાં નોકરી કરતા હોવાની ઓળખ આપી, પોતાની બદલી થયેલ હોય એક્ટીવા વેચાણ કરવાની વાત કરી વિશ્વાસ અને ભરોસો આપી, હીમાંશુભાઇને અમદાવાદ એરપોર્ટના ગેટ-૩ પાસે બોલાવી અલગ-અલગ ચાર્જ પેટે તેમજ ઓનલાઈન ટ્રાન્ઝેકશન થતુ નથી તેવા બહાને કુલ રૂપિયા ૪૦,૦૦૦/- તેઓના ખાતામાં ઓનલાઇન ટ્રાન્સફર કરાવી લઇ એક્ટીવા નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.ડી.ગોહીલ ચલાવે છે.

**કાલુપુરઃ** ભુરાજી ઉર્ફે ભુપેન્દ્રભાઇ મગનાજી વણઝારા (ઉ.વ.૬૦)(રહે.ચીમનલાલ મહાસુખરામ ચાલી નંબર-૧ ચમનપુરા ચકલા અસારવા) એ તા.૦૧/૦૯/૨૦૨૨ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૧૨/૨૦૨૧ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન કાલુપુર રેલ્વેપુરા ક્રોસલેન ત્રીજા માળે આવેલ "શ્રી રામ કલોથ માર્કેટ" ખાતેથી આરોપી (૧) આર.વી.ફેશન ના માલીક વિનોદભાઇ જેરામભાઇ ભિસરા (ઠે.રાજટેક્ષટાઇલ માર્કેટ કેપીટલ સ્કેવેર પાછળ ડીંડોલી રોડ પુણા ગામ સુરત) (૨) મનીષભાઇ ભરતભાઇ મિસ્ત્રી (૩) શ્રી ક્રિએશન ના માલીક સાગર ભરતભાઇ પગદર (ઠે.અપર ગ્રાઉન્ડ ફલોર ન્યુ બોમ્બે માર્કેટ પાસે વીંગ નંબર-એ, ગ્લોબલ ટેક્ષટાઇલ માર્કેટ ઉમરવાડા સુરત) અને (૪) શ્રીશ્યામ એન્ટરપ્રાઇઝ ના માલીક ગીરધારીલાલ રામકિશન ભાદુ (ઠે.બીજો માળ અરીહંત ટેક્ષટાઇલ માર્કેટ સલાસર ગેટ રીંગરોડ સુરત) એ ભેગા મળી ગ્રે-કાપડનો માલ કિંમત રૂપિયા ૭,૭૧,૧૬,૦૯૯/- ખરીદ કરી તે પૈકી માલના બાકી નિકળતા રૂપિયા ૨,૮૩,૧૨,૧૯૮/- નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.આચાર્ય ચલાવે છે.

## <u>સોનાનુ મંગળસુત્ર ખેચી તોડી લઈ ગયોઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૫૬૮/૨૦૨૨</u>

**વાડજઃ** પ્રિયંકાબહેન વા/ઓ અસમંજસ વર્મા (ઉ.વ.૪૦)(રહે.સાંનિધ્ય ફ્લોરા ખોડીયાર માતાના મંદિર પાછળ ન્યુ રાણીપ) એ તા.૦૧/૦૯/૨૦૨૨ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૦૮/૨૦૨૨ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે નવા વાડજ ત્રીસા હોસ્પીટલ પાછળ ત્રણ રસ્તા એચ.ડી.એફ.સી.બેંક કોર્નર નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે સ્કુટર ઉપર આવેલ પુરૂષ પ્રિયંકાબહેનના ગળામાંથી સોનાનુ મંગળસુત્ર પેડલ સાથે કિંમત રૂપિયા ૧,૬૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.પી.સોનારા ચલાવે છે.

## <u>બળજબરીથી કઢાવી લેવા બાબતઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૫૬૯/૨૦૨૨</u>

**કાલુપુરઃ** જી-બોટાદ ભામણ રોડ સરદારનગર ખાતે રહેતા સૌરભભાઇ કાલીપ્રસાદભાઇ શાહ (ઉ.વ.૨૪) (મુળ વતન. નૌગવા ગૌતમ ગામ તાલુકો સરસવ જી-કાનપુર ઉત્તરપ્રદેશ) તા.૩૦/૦૮/૨૦૨૨ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે કાલુપુર રેલવે સ્ટેશન થી સીવીલ હોસ્પીટલ જવા માટે શટલ ઓટો રિક્ષામાં બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે કાલુપુર મસ્કતી માર્કેટ નજીક પહોચતા રિક્ષા ચાલકે રિક્ષા ઉભી રાખી રિક્ષા ચાલક તેમજ રિક્ષામા બેસેલ બે પુરૂષોએ ભેગા મળી છરી જેવુ હથીયાર બતાવી, સૌરભભાઇ પાસેથી જે હોય તે આપી દેવાની ધમકી આપી સૌરભભાઈ શાહ પાસેથી રોકડ રૂપિયા ૩૦,૦૦૦/- સાથેનુ પર્સ અને મોબાઇલ ફોન કઢાવી લઈ સૌરભભાઈને રિક્ષામાંથી ઉતારી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સૌરભભાઈ શાહે તા.૦૧/૦૯/૨૦૨૨ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એચ.રાઠોડ ચલાવે છે.

## <u>આત્મહત્યાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૫૭૦/૨૦૨૨</u>

નિકોલઃ (૧) રાહુલ કાંતીભાઇ પાંચાણી (ઉ.વ.૨૯)(રહે.આગમન રેસીડન્સી, પાંડવ વાડીની બાજુમાં નિકોલ) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૯/૨૦૨૨ કલાક ૦૦/૫૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી કે.વી.રાઠોડ ચલાવે છે.

**નિકોલઃ** (૨) વિક્રમભાઈ બાબુજી ઠાકોર (ઉ.વ.૩૦) (રહે. નર્મદાનગર દાસ્તાન સર્કલ પાસે કઠવાડા) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૯/૨૦૨૨ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના લોખંડના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી અમૃતજી બાબુજી ચલાવે છે.

કૃષ્ણનગરઃ હેમેન્દ્રભાઈ રમેશભાઈ સુથાર (ઉ.વ.૪૦) (રહે.ચામુંડા ચોક ફ્લોર ફેક્ટરીની બાજુમાં ફદેલી સૈજપુર બોઘા) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૮/૨૦૨૨ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયકુમાર મારૂતિરાવ ચલાવે છે.

**નારોલઃ** કરીશ્માબહેન ડો/ઓ મનમહેશસિંગ રાજપુત (ઉ.વ.૧૫) (રહે. દેવ માણેક એપાર્ટમેન્ટ સ્મશાન પાસે વટવા કેનાલ રોડ નારોલ) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૮/૨૦૨૨ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંકના પાંચમાં માળથી પડતુ મુકતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૩૧/૦૮/૨૦૨૨ રાતના ૧૦/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતું. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એ.કુલધારા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી